# “તમને ભાળી લીધા તે જીવ હવે ગતે જાહે”

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

’બેન, આપણા રેણુકાબા તમને મળવાની જીદ લઈને બેઠા છે. આપણે એમને મળવા જઈએ છીએ” અમારા કાર્યકર શંકરભાઈએ મને આ કહ્યું. સેવાનું કામ કરીએ એટલે અનેક વિસ્તારોમાં જવાનું થાય ને ત્યાં કોઈને કોઈ વ્યક્તિની ભાવના અમને મળવાની હોય. કોઈને બસ મળવું હોય તો કોઈને પોતાની વાત કહેવી હોય. એ જ રીતે રેણુકાબાને પણ કાંઈક કહેવું હશે નહીં તો ખાલી મળવું હશે એમ માન્યું.



બા કચ્છના વાગડના બાલાસર ગામમાં રહે. બપોર વેળાએ અમે બાલાસર પહોંચ્યા. ચાર હજારની વસ્તી ધરાવતા આ ગામમાં રહેતા લોકો ખેતી, પશુપાલન અને ખેતમજૂરી પર આધાર રાખે. વરસાદ આ વિસ્તારમાં ઓછો પડે, અલબત દુષ્કાળની પરિસ્થિતિ દર થોડા વર્ષે સર્જાય. વાગડની કઠિન જિંદગી, પાણી ભરવા માટે દૂર સુધી બહેનોનો સંઘર્ષ એટલે જ આ પ્રદેશનું એક લોકગીત, “દાદા હો દીકરી વાગડમાં ના દેશો હો સહી” દાયકાઓ પહેલા લખાયું. આજે સમય બદલાયો ને એની સાથે ઘણું બદલાયું પણ આ વિસ્તારની કેટલીક મુશ્કેલીઓ આજે પણ પહેલા જેવી જ. જેમ કે જળની સમસ્યાનું સંપૂર્ણ સમાધાન આજેય નથી આવ્યું.

બાલાસરમાં પ્રવેશતા ગામના પાદરે આવેલા તળાવને જોઈને આ વિસ્તારની મુશ્કેલીઓ વિષે જેટલું વાંચ્યું હતું, સાંભળ્યું હતું તે યાદ આવ્યું. બાલાસરગામના તળાવની સામે આવેલી એક શેરીમાં રેણુકાબાના ઘર તરફ અમે આગળ વધ્યા.

શેરીના છેવાડે એક નાનકડું સરકારી આવાસ યોજના હેઠળ બંધાયેલું ઘર હતું ને એની સામે એક છાપરુ બાંધ્યું હતું. આ છાપરામાં ચૂલો હતો ત્યાં કાળા રંગના કપડાંમાં રેણુકાબા બેઠા હતા. બા માલધારી એટલે પહેરવેશ પણ એવો. એમની બાજુમાં ખાટલામાં એમના ઘરવાળા ધનાભા બેઠા હતા.

રેણુકાબાએ અમને જોયા, એ ઊભા થઈ અમારી સામે આવ્યા. એ ઝડપથી ચાલી નહોતા શકતા. ઉંમરના કારણે એમનું શરીર વળી ગયું હતું. આંખે પણ ઓછું દેખાતું હતું. એ અમારી નજીક આવ્યા ને એમની આંખોમાં ઓળખની સાથે જાણે પ્રેમનો પ્રકાશ આવી ગયો.

અમારા કાર્યકર શંકરભાઈ નિયમીત બાને પાછલા ત્રણ વર્ષથી રાશન આપવા જાય એટલે એમને એ ઓળખે. એમણે શંકરભાઈના માથે હાથ ફેરવ્યો. પછી શંકરભાઈએ મારી તરફ ઈશારો કરીને કહ્યું, “બા, તમે કહેતા’તા ને કે બેનને લઈ આવજો? તો બેનને લઈને આવ્યો છું.”

બાએ મારી સામે જોયું. મારા માથે પણ પ્રેમથી હાથ મૂક્યો અને કહ્યું,

“શંકરભાઈને હું કે’દુની કે’તી કે બેનને એક ફેરા લઈ આવો.” એમ કહીને એમણે મારો હાથ પકડ્યો ને મને ખાટલે બેસાડી.

મેં બાને પૂછ્યું, “તે મને આટલી કેમ યાદ કરતા હતા? કાંઈ કામ હતું?”

બા કહે, “તમને જોવા હતા. બીજુ મારે કાંઈ કામ નો’તું.

સાંભળીને મને નવાઈ લાગી. “મને જોવી હતી! કેમ?”

“આ શંકરભાઈ દર મહિને અમને અનાજ પોગાડવા આવે. ઈ કે આ બધુ અમદાવાદથી બેન મોકલાવે તે મારે એ અન્નના દેનારને એક ફેરા ભાળવા તો ખરા! હું એમને કે’તી બેનને ઝટ તેડાવજો એમને જોયા વગર જો વઈ ગઈ તો જીવ અવગતિયે જાહે.”

બાની વાત સાંભળીને હું તો આમ અવાક થઈ ગઈ. કોણ આપનાર ને કોણ દેનાર. બધુ જ ઈશ્વર નિર્મિત. આપણે બધા નિમિત્ત એવું અમે માનીયે પણ બાની ભાવના જોઈને આંખો ભરાઈ આવી. બાએ કૃતજ્ઞતા વ્યક્ત કરી પણ આવું દરેક નથી કરી શકતા. મે બાનો હાથ પકડ્યો ને “તમારી આ લાગણી માટે આભારી છું પણ સાચુ કહુ તો તમે અમારા એટલે આમાં દેનાર કે લેનાર કોઈ છે જ નહીં. પણ હા ઈશ્વરે તમારી પાસે મોકલ્યા એટલે એનો આભાર ચોક્કસ માનવાનાનું” મે કહ્યું.

એ પછી બાએ પોતાના ખિસ્સામાંથી ત્રણસો રૂપિયા કાઢી શંકરભાઈ સામે ધરતાં કહ્યું,

“જાવ તો ભાઈ, આ બધા હાટુ કાંક નાસ્તો લઈ આવો.”

“બા, અમારે કંઈ નથી ખાવું.” પણ બા માન્યાં નહીં. એમણે કહ્યું,

“એમ કાંઈ હાલે, તમે મારે આંગણે આઈવા ને હું તમને કાંઈ ના ખવડાવું તો હું નુગરી ગણાવું.”

પોતાના ઘરમાં ખાસ કશું નથી. જે પૈસા એમણે શંકરભાઈ સામે ધર્યા એ પૈસા પણ સરકારના વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત મળેલા હશે. જીવન કેવી તકલીફોથી ભરેલું, છતાં ઘર આંગણે આવેલા માટે કાંઈક કરી છુટવાની ભાવના. માણસ સંપત્તિથી મોટો નથી બનતો પણ એ મનથી મોટો બને એ રેણુકાબાની ભાવનાને જોઈને લાગ્યું.

બાને એક દીકરો હતો. ગામમાં કોઈની ભેંસો ચરાવવાનું કામ એ કરતો. એક દિવસ ભેંસો તળાવમાં પાણી પીવા પડી પછી એ બહાર નહોતી નીકળતી. ભેંસોને બહાર કાઢવા રેણુકાબાનો દીકરો પાણીમાં ઉતર્યો. એના પ્રયાસથી ભેંસ તો બહાર આવી ગઈ, પણ દીકરો બહાર ન આવ્યો. અઢાર વર્ષનો જુવાન દીકરો બાએ ખોયો. દીકરાની વાત કરતાં કરતાં એમની આંખો ભરાઈ ગઈ.

મે વાતને વાળવાનો પ્રયાસ કરતા “બા, રેશનકીટમાં બધુ બરાબર આવે છે કાંઈ ખૂટતું તો નથી ને?”

“બધુ ટનાટન આવે. પણ એક ભૂકી ઉમેરો તો હારુ.”

**ભેંસો તળાવમાં પાણી પીવા પડી પછી એ બહાર નહોતી નીકળતી, ભેંસોને બહાર કાઢવા રેણુકાબાનો દીકરો પાણીમાં ઉતર્યો. એના પ્રયાસથી ભેંસ તો બહાર આવી ગઈ, પણ દીકરો બહાર ન આવ્યો**

અમારા કાર્યકર શંકરભાઈએ પણ બાના ત્યાં આવતા પહેલા રસ્તામાં પોતે દર મહિને બા માટે કપડાં ધોવાનો પાવડર લઈ જતા હોવાનું કહેલું એટલે બાની વાતનું અનુસંધાન હું જોડી શકી. બાએ પોતાની વાતને આગળ વધારતા કહ્યું, “અમે રીયા માલધારી અમારા લૂંગડાં જાડાં. આ લૂંગડાં ને પાધરાં હાબુ(સાબુ) લગાડીને ધોવા અઘરાં એમાં હાથ બહુ દુખે. પણ પાણીમાં ભૂકી નાખી એને બે ત્રણ કલાક પલાડી રાખીએ તો ધોવા જરીક હેલા પડે. એટલે તમે બધુ મોકલો એના ભેરી ભૂકી મોકલો તો હારુ.”

કેવી નાનકડી વાત પણ એમણે ભૂકી મોકલજોનું કહ્યું એ સાંભળી ને અમને આનંદ થયો. એ અમને એટલા પોતાના માને એવું લાગ્યું.

સરકાર તરફથી મળતા વૃદ્ધ પેન્શન વિશે પૂછ્યું તો ખબર પડી કે બાને 1,200 મળે. પણ ધનાભાની આંખો અને હાથની ફિંગરપ્રિન્ટની સમસ્યાને કારણે તેમને પૈસા મળતા બંધ થઈ ગયા. જો કે આ એકલા ધનાભાની વાત નથી. ઘણા વડિલોને આંગળીઓની છાપ નથી આવતી એના કારણે એ લોકો કહે એમ, “મોદીના બારસો” મળતા બંધ થઈ ગયા.

મોદીના બારસો આવા જરૂરિયાતવાળા સુધી પહોંચે એ જરૂરી. ખેર આવા અંતરિયાળ વિસ્તારમાં અમે પહોચી શક્યા ને જરૂરિયાતવાળા પરિવારોને ટકો કરી શક્યા એનો રાજીપો.. અમે ઊભા થયા ને બાએ કહ્યું, “તમને ભાળી લીધા તે હવે જીવ ગતે જાહે..”

# છપ્પનિયો કાળ અને ભારતમાં પડેલા દુકાળો

ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

સૌથી ભયંકર અને વિનાશક દુકાળ વિક્રમ સંવત ૧૯૫૬માં પડ્યો હોવાથી તેને “છપ્પનિયો દુકાળ”કહેવાય છે. આ દુકાળે માનવજીવન, ખેતી અને પશુધન પર અતિભારે અસર કરી હતી. આ દુકાળનો વ્યાપ વિશેષ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાત, કચ્છ, પશ્ચિમ રાજસ્થાન સુધી હતો. આ વિસ્તારોમાં સ્થિતિ અત્યંત ગંભીર બની. ઘણા વિસ્તારોમાં સતત બે વર્ષ સુધી પૂરતો વરસાદ ન પડ્યો. કૂવા, વાવો, તળાવો અને નદીઓ સૂકાઈ ગયા. પીવાનું પાણી દુર્લભ બન્યું. તે સમયનો સમાજ ખેતી અને પશુપાલન પર આધારિત હોવાથી પાકની નિષ્ફળતા સીધી ભૂખમરામાં પરિણમી. બ્રિટિશ શાસન દરમિયાન રાહત કામગીરી મર્યાદિત અને મોડેથી અમલમાં આવી. લાખો લોકો ગંભીર ભૂખમરામાં સપડાયા. અનેક સ્થળે ભૂખ, રોગચાળો અને તરસથી મૃત્યુ થયાં. લોકો અનાજ માટે જમીન, પશુ અને ઘરેણાં વેચવા મજબૂર બન્યા. ગેઝેટિયરમાં નોંધ મુજબ ઘણાં ગામો લગભગ નિર્વાસિત બની ગયાં. છપ્પનિયો દુકાળ પશુધન માટે વિશેષ વિનાશક સાબિત થયો. ગાય, ભેંસ, ઊંટ, ઘોડા, બળદો, બકરાં, ઘેટાં જેવાં પ્રાણીઓનાં મૃત્યુને કારણે પશુપાલન વ્યવસ્થા તૂટી પડી. ખેતી માટે જરૂરી બળદોના અભાવે પછીનાં વર્ષોમાં પણ ઉત્પાદન ઘટ્યું. કેટલાક વિસ્તારોમાં રાહતકામો શરૂ કરાયાં. રસ્તા, તળાવો અને નહેરોના કામમાં લોકોને રોજગારી આપવામાં આવી. સ્થાનિક રાજવીઓ, સંતો અને સામાજિક સંગઠનો દ્વારા લંગર અને ગૌશાળાઓ શરૂ કરાઈ. તેમ છતાં, રાહત પૂરતી અને સમયસરની ન હોવાનું ગેઝેટિયરમાં નોંધાયું છે.



છપ્પનિયો દુકાળ ગુજરાતની લોકસ્મૃતિમાં ઊંડી છાપ છોડી ગયો. લોકગીતો, કહેવતો અને લોકકથાઓમાં તેનો ઉલ્લેખ “છપ્પનિયો જોયો હોય, એને દુઃખ ન ડરાવે”જેવી ઉક્તિઓ પ્રચલિત થઈ. સમાજમાં પાણી સંચય, ગૌસેવા અને સહકાર ભાવના અંગે જાગૃતિ વધી. છપ્પનિયો દુકાળ માત્ર પ્રાકૃતિક આફત નહીં, પરંતુ શાસન વ્યવસ્થાની ખામીઓ દર્શાવનાર ઘટના ગણાઈ. ગ્રામીણ સમાજની સહનશક્તિ અને ભવિષ્યમાં દુષ્કાળ વ્યવસ્થાપન માટે ચેતવણીરૂપ સાબિત થયો. છપ્પનિયો દુકાળ ગુજરાતના ઈતિહાસમાં દુઃખ, સંઘર્ષ અને માનવતાનો અધ્યાય છે. ગેઝેટિયર નોંધો અને લોકસ્મૃતિ બંનેમાં આ દુષ્કાળ સમાજને એક કઠોર પરંતુ મૂલ્યવાન પાઠ આપી ગયો. છપ્પનિયા કાળ દરમિયાન રાજાઓ તથા બ્રિટિશ સરકારે રાહતકાર્યો શરૂ કર્યાં તે અપૂરતાં હતાં. રાજાઓએ અનાજ વહેંચ્યું. જ્ઞાતિપંચોએ ગરીબ જ્ઞાતિબંધુઓ માટે એક ટંક ખીચડી અને રોટલા જમાડવા રસોડાં શરૂ કર્યાં. લોકોએ શહેરોમાં સ્થળાંતર કરવાથી ગામડાં ખાલી થયાં. સરકારી આંકડા મુજબ મુંબઈ ઈલાકામાં ૭૪૦૩૭૬ માણસો મરણ પામ્યાં. નૈતિક મૂલ્યોનું અધ:પતન થયું. ચોરી અને લૂંટ વધી ગયાં. ડિસેમ્બર, ૧૮૯૯માં સરકારે રાહતકાર્યો શરૂ કર્યાં અને નવેમ્બર, ૧૯૦૦માં બંધ કર્યાં. જુલાઈ ૧૯૦૦માં રાહતકાર્યોમાં સૌથી વધારે સરાસરી ૩૦૦૦૦ લોકો કામે આવતા અને ૬૦૦૦ લોકોને મફત અનાજ વહેંચવામાં આવતું. સરકારે રાહત માટે કુલ રૂપિયા ૪૭૬૬૬૭ ખર્ચ્યા. મુંબઈના કચ્છી વેપારીઓએ પોતપોતાનાં ગામોમાં અનાજની દુકાનો ખોલી. કચ્છના રાજાએ ૪૯૦૦૦ લોકોને રાહતકાર્યોમાં રોજી આપી અને ૫૦૦૦ લોકોને મફત સહાય કરી. ઈસ. ૧૭૫૭ થી ૧૯૪૭ના ૧૯૦ વર્ષના ટૂંકા સમય ગાળામાં ભારતમાં ૯ મોટા દુષ્કાળ પડેલા.

**દુષ્કાળ પડવાના લાંબા ઈતિહાસ પરથી બ્રિટિશ સરકારના તત્કાલીન લિટન નામના વાઈસરોયે રિચર્ડ સ્ટ્રેચીની અધ્યક્ષતામાં અકાલ આયોગની રચના કરી હતી**

મધ્યકાલીન ભારતના અંતિમ ભાગે પ્લાસીના યુધ્ધકાળથી ભારતને આઝાદી મળી તે સમય દરમિયાનના દુષ્કાળની મળતી વિગતો આ પ્રમાણે છે. ઈ.સ. ૧૭૬૯-૭૦માં બિહાર અને તેની આસપાસના વિસ્તારોમાં બંગાળ ઓડિસા વગેરેમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તેનાથી એક તૃતીયાંશ આબાદી નાશ પામી હતી. ઈ.સ. ૧૮૩૭-૩૮ના સમયગાળામાં લગભગ આખાય ઉત્તર ભારતમાં દુષ્કાળ પડ્યો હતો. ત્યારે લગભગ આઠ લાખ લોકો માર્યા ગયા હતા. ઈ.સ. ૧૮૬૧ આ સમયે ફરી વખત દુષ્કાળ પડેલો. અને તેમાં પણ અનેક લોકો માર્યા ગયા હતા. ઈ.સ. ૧૮૬૬ ઓરિસ્સા પ્રાંતમાં જબરદસ્ત દુષ્કાળ પડેલો. ત્યારે ૧૦ લાખ લોકોના મોત થયા હતા. ઈ.સ. ૧૮૬૮-૬૯ના સમયગાળામાં બુંદેલખંડ રાજપુતાનામાં દુષ્કાળ પડ્યો હતો. જેમાં એકાદ લાખ લોકો મોતને ભેટ ચડ્યા હતા. ઈ.સ. ૧૮૭૩-૭૪ ફરી એકવાર બંગાળ બિહાર દુષ્કાળની લપેટમાં આવ્યું હતું, અને અનેક લોકોના મોત થયા હતા. ઈ.સ. ૧૮૭૬-૭૮ના સમયગાળામાં દુષ્કાળ આખા ભારતમાં વર્તાયો હતો. તેમાં લગભગ ૫૦ લાખ લોકો મૃત્યુ પામ્યા હતા. ઈ.સ. ૧૮૯૬-૧૯૦૦નો દુષ્કાળ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારત સુધી ફેલાયો હતો. આ ભયાનક દુષ્કાળમાં સાત સાડા સાત લાખ લોકોના મૃત્યુ નિપજ્યાંનો આંક લગાવવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૪૨નો ભારતની ગુલામીકાળનો બંગાળ વિસ્તારમાં પડેલ અંતિમ દુષ્કાળ હતો. જેમાં ૧૫ લાખ લોકો માર્યા ગયા હતા. દુષ્કાળ પડવાના લાંબા ઈતિહાસ પરથી બ્રિટિશ સરકારના તત્કાલીન લિટન નામના વાઈસરોયે રિચર્ડ સ્ટ્રેચીની અધ્યક્ષતામાં અકાલ આયોગની રચના કરી હતી. ત્યારબાદ ૧૮૯૭માં ફરી વખત આયોગ કરવામાં આવેલ. ૧૯૦૦માં ત્રીજા આયોગની રચના કરવામાં આવી હતી. તેમાં આગળના આયોગના સિધ્ધાંત, ભલામણનો સ્વિકાર કરવામાં આવ્યો હતો અને દુષ્કાળ પ્રભાવિત વિસ્તારો માટે સહાયતા તથા લોકો માટે કામની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સામાજિક સંસ્થાઓની મદદ લેવાનું નક્કી કર્યું હતું.